# ટ્રેક નં. ૨૪ : નિશ્ચય-વ્યવહાર વિષે

✻ આ શબ્દો અઘરા લાગે છે ને? મોક્ષ માટે વ્યવહારની જરૂર છે? એમ થાય છે ને? ચાલો, આ આશંકાનું સમાધાન જલદીથી કરી લઈએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પાસેથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : વ્યવહાર નય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે,
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. (૨)

✻ **પ્રશ્ન : મોક્ષમાર્ગ–પ્રકાશકમાં છે નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી(નું સ્વરૂપ). નિશ્ચયાભાસી નિશ્ચયને પણ માને છે અને વ્યવહારને પણ માને તો ઉભયને માને તો કેવી રીતે છૂટા પાડી શકાય? નિશ્ચયને માનનારને સાચા માનીએ છીએ છતાંય બન્નેને માનનારને ખોટા કઈ રીતે કહી શકાય?**

● ઉત્તર : બંનેને માને છે, તો પણ ખોટું છે. આ (નિશ્ચય) પણ સાચું અને આ (વ્યવહાર) પણ સાચું. સમજ્યા વગરનું બેય સાચું માને એ ખોટું છે. નિશ્ચય કઈ રીતે સાચું છે? મૂળ વસ્તુસ્વભાવ જે છે એ સાચું છે. અને વ્યવહાર—પર્યાય અને ભેદની અપેક્ષાએ સાચું છે એ માનતો નથી. નિશ્ચય સાચું અને જે રીતે નિશ્ચય સાચું એ પ્રમાણે (અપેક્ષાએ) વ્યવહાર સાચું બેય સરખું સાચું માને છે. બેયની અપેક્ષા સમજતો નથી. બેયની કોટિ કેટલી એ સમજતો નથી. અને બેય સરખું સાચું છે એમ માને છે. બેયને સાચું માને છે. બેય પર સરખું વજન આપે છે. આ પણ સાચું અને આ પણ સાચું. બેયને સરખું વજન આપે છે. તે કઈ અપેક્ષાએ નિશ્ચય મુખ્ય અને વ્યવહાર ગૌણ છે અને પ્રયોજન પૂરતો વ્યવહાર વચ્ચે આવે છે. વ્યવહારની અપેક્ષા સમજતો નથી. નિશ્ચય મૂળ વસ્તુ છે તે સમજતો નથી. બેયને સરખું વજન આપે છે. આ પણ સાચું અને આ પણ સાચું એ પણ ખોટું છે. સમજ્યા વગરનું બંને સાચું માને

એ ખોટું છે. બેય કઈ રીતે સાચું છે એ સમજવું જોઈએ. બેયને સમજવું જોઈએ.

મૂળ વસ્તુસ્વભાવે નિશ્ચય સાચું છે. વ્યવહાર એની પર્યાય અપેક્ષાએ સાચું છે. જે ક્ષણ પૂરતી પર્યાય છે જે સાધનાની પર્યાય, વચ્ચે વિભાવ આવે, તે વિભાવની સદ્‌ભૂત શુદ્ધાત્મની શુદ્ધ પરીક્ષાએ એમ સાચું છે. પર્યાય નથી એમ નહીં. પર્યાય પણ છે એની અપેક્ષાએ વ્યવહાર સાચો છે. ઓલી મૂળ વસ્તુ અપેક્ષાએ (નિશ્ચય) સાચું છે. બેયને સાચું માને, બેય જણ કહે એવી રીતે વજન આપે તો બેય ખોટું છે. એ એક પણ સાચું નથી. ૧.

* પ્રશ્ન : આખું દ્રવ્ય દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે અને પર્યાય અપેક્ષાએ તે જ પ્રમાણરૂપ દ્રવ્ય આખુંય અશુદ્ધ એટલે દ્રવ્યની પૂર્ણ શુદ્ધતા અને પર્યાયની અશુદ્ધતા બંને એક જ દ્રવ્યના બધા પ્રદેશોમાં એક સાથે રહેલી છે. એવું જિનવાણીનું રહસ્ય 'ભાના કાગળ' જેવું (અટપટું) લાગે છે. કાંઈ સમજાતું નથી.

● ઉત્તર : દ્રવ્ય એ દ્રવ્ય અપેક્ષાએ તો શુદ્ધ જ છે. દ્રવ્યમાં કાંઈ અશુદ્ધતા નથી. પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા છે પણ એ અપેક્ષા જુદી છે ને? એ પર્યાય કાંઈ આમ અદ્ધર લટકતી નથી. દ્રવ્યની જ પર્યાય છે. દ્રવ્યની પર્યાય છે માટે દ્રવ્ય અશુદ્ધ છે એમ પર્યાય અપેક્ષાએ કહેવાય કે પર્યાય અશુદ્ધ પરિણમી એટલે દ્રવ્ય અશુદ્ધ થયું એમ કહેવાય અને દ્રવ્ય શુદ્ધ છે માટે દ્રવ્ય આખું શુદ્ધ જ છે એ દ્રવ્યની અપેક્ષા જુદી અને ઓલી પર્યાયની અપેક્ષા એ બે અપેક્ષાઓ જુદી પડે માટે એ અપેક્ષાઓ જુદી છે. ઓલી પર્યાય અપેક્ષાએ પર્યાયથી દ્રવ્યને જોવાનું છે. ઓલું (દ્રવ્ય અપેક્ષાએ) દ્રવ્યથી દ્રવ્યને જોવાનું છે. એ દ્રવ્યથી દ્રવ્યને જુઓ તો દ્રવ્ય આખું શુદ્ધ છે અને પર્યાયથી દ્રવ્યને જોવામાં આવે તો અશુદ્ધતા દેખાય. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ નથી એને તો એ પર્યાયથી જુએ તો દ્રવ્ય પોતે શુદ્ધાત્મા છે. ચેતન એ કાંઈ ખબર નથી એટલે રાગ અને દ્વેષમાં એકત્વ જાણે આત્મા જ થઈ

ગયો. પર્યાય અપેક્ષાએ તો આખું દ્રવ્ય અશુદ્ધ—એને તો અશુદ્ધ પર્યાય અપેક્ષાએ છે. એને દ્રવ્ય અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિથી જુએ તો દ્રવ્ય આખું શુદ્ધ છે એ અપેક્ષાઓ બે જુદી છે એમ એ અપેક્ષાએ જુએ તો એ બેય દેખાય એમ છે. અપેક્ષાઓ જુદી છે. એ જે પર્યાય છે એ પર્યાયને આખું દ્રવ્યરૂપ માની તે તે પર્યાય જેટલું અશુદ્ધ જ દ્રવ્ય થઈ ગયું એમ માની લે તો પણ ખોટું ઠરે છે અને દ્રવ્ય અપેક્ષાએ જુએ અને પછી પર્યાયનો ખ્યાલ ન રાખે તો પણ ખોટું થઈ જાય છે. ૨.

✻ પ્રશ્ન : એવા બે સ્વરૂપ છે ?

● ઉત્તર : હા. બે સ્વરૂપ જ છે દ્રવ્યમાં. એટલે બે દૃષ્ટિએ જોવાનું છે. એ અપેક્ષાએ ખ્યાલ રાખવાનો છે. બે અપેક્ષાએ ખ્યાલ ન રાખે તો ભૂલ થાય.

❀ બહેનશ્રી : બધા ભેદ ને અભેદને ન જાણે. લાંબા નયોના ભેદને ન જાણે. જેટલા ભેદો શાસ્ત્રમાં હોય એ બધા ન જાણે તો એ એની સાથે કાંઈ સંબંધ નથી. એક આત્માને જાણે તો એમાં બધું (નિશ્ચય) આવી જાય છે. ૩.

✻ પ્રશ્ન : આગમમાં ક્યારેક નિશ્ચયને મુખ્ય તો ક્યારેક વ્યવહારને મુખ્ય દર્શાવે છે, તો બંને જુદા જુદા પ્રકારના કથનો પાછળ જ્ઞાની ધર્માત્માઓનો શું મર્મ છે એ કૃપા કરીને સમજાવશો.

● ઉત્તર : ગુરુદેવે તો બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. નિશ્ચયનય સિવાય સાધકજીવને દ્રવ્ય ઉપર દૃષ્ટિ તો નહીં થાય માટે નિશ્ચયનય સદા મુખ્ય જ રહે છે. સાધકદશામાં દ્રવ્યદૃષ્ટિ જ મુખ્ય હોય છે. માટે ગુરુદેવ એને મુખ્ય કહેતા હતા અને વસ્તુસ્વરૂપ જે ગુરુદેવ કહેતા હતા એમ જ છે. જે શાસ્ત્રમાં આવે છે વ્યવહારનય અને કોઈવાર નિશ્ચયની વાત આવે છે. તો એમાં સમજવા માટે કહે છે. જે અનાદિનો અભ્યાસ છે એને લઈને વ્યવહારની-બહારની સ્થૂળ દૃષ્ટિ છે, સમજી શકતા નથી. એને સમજાવવા માટે વ્યવહારની વાત કરવામાં આવે છે. પણ એને

કહેવાનો આશય—વસ્તુ શું? મુક્તિનો માર્ગ શું? નિશ્ચય ઉપર દૃષ્ટિ કર. એમ કહેવાનો આશય છે. જે આત્માર્થી હોય તે એમાંથી આશય સમજી લે છે. જેને આત્માર્થીતા નથી હોતી, તે વ્યવહારને માત્ર પકડી લે છે. આચાર્યનો આશય તો નિશ્ચયને એટલે આત્માને ગ્રહણ કરાવવાનો છે. પણ જે સમજતાં નથી એ માત્ર વ્યવહાર ગ્રહણ કરે છે. આચાર્યનું કથન તો વ્યવહાર નહીં. નિશ્ચય નહીં, આત્માને ગ્રહણ કરાવવાનો આશય હોય છે. સાધકને નિશ્ચય મુખ્ય અને વ્યવહાર ગૌણ હોય છે.પણ એને સમજાવવા માટે વ્યવહારથી એમ કહેવાય છે. ભાષા અનાર્ય વિના સમજાવી શકાય નહીં. અનાર્યને સમજાવી શકાતો નથી તો એની ભાષામાં એને સમજાવવામાં આવે છે. શાસ્ત્રમાં આવે છે કે 'આત્મા' શબ્દ કીધો. હવે આત્મા કોને કહેવાય એનું જેને જ્ઞાન નથી એ સમજી શકતો નથી. એટલે 'દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ આત્મા' એમ કહેવાય ત્યારે અનાર્યને સમજાય છે એટલે એને વ્યવહારથી કથન કરવામાં આવે છે એને સમજાવવા માટે. એને સમજાવવો છે આત્મા, ગ્રહણ આત્મા કરાવવો છે, પણ એમાં વ્યવહારનું કથન વચ્ચે આવ્યા વગર રહેતું નથી. માટે વ્યવહારથી કથન કરવામાં આવે છે પણ એ ગ્રહણ કરે કે આત્મા જ મુખ્ય છે અને સ્વાનુભૂતિનો માર્ગ બતાવવો છે, વસ્તુનું સ્વરૂપ બતાવવું છે એટલે નિશ્ચય દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. પણ જ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરાવવા માટે અને સમજાવવા માટે, વસ્તુસ્વરૂપને—આત્માને ગ્રહણ કરાવવા માટે વ્યવહારને પણ વચ્ચે આચાર્યો કહે છે. સમજાવવા માટે કહેવામાં આવે છે. વસ્તુ સ્વરૂપ તો આત્માને ગ્રહણ કરાવવા માટે જ છે. નિશ્ચય તો સદાય મુખ્ય જ રહે છે. દ્રવ્યદૃષ્ટિએ આત્મા—અભેદ આત્માને ગ્રહણ કરવો એમાં ગુણના ભેદ પડે, પર્યાયના ભેદ પડે એવું જ્ઞાન કરવા માટે છે. જે સમજે એને વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી. લક્ષણભેદ એમાં—જ્ઞાન લક્ષણથી આત્માને ગ્રહણ કરવો. 'જ્ઞાન સ્વભાવ

આત્મા'. એ જ્ઞેય દ્વારા જ્ઞાયકને ગ્રહણ કરાવવામાં આવે એ પણ વ્યવહાર વચ્ચે આવે છે. એ પોતે આગળ જાય એમાં પણ ગુણભેદ, પર્યાયભેદ એ વચ્ચે આવે છે. માટે કથનમાં પણ આચાર્યદેવ એને સમજાવવા માટે, આત્માને ગ્રહણ કરાવવા માટે વચ્ચે (વ્યવહાર) આવ્યા વગર રહેતો નથી. માટે કોઈવાર વ્યવહારની વાત કરે, કોઈ વાર નિશ્ચયની વાત કરે. આગમમાં આવે છે પણ એની દૃષ્ટિ તો મુખ્ય સદાય નિશ્ચય આત્માને માટે રહે છે. એને જ્ઞાનમાં એને દ્રવ્ય કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? સાધકદશા કોને કહેવાય? સાધ્ય શું અને ગ્રહણ કરવાનું શું છે? અને વચ્ચે સાધકદશા કેવી આવે છે? એ બધું (સમજવાનું) વચ્ચે આવે છે. માટે આચાર્યદેવ બધી વાતનું એને જ્ઞાન કરાવે છે. ગ્રહણ એક આત્માનું કરવાનું હોય છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. ૪.

*** પ્રશ્ન : દૃષ્ટિમાં આત્મા જ રહે? આખો દિવસ ત્યાં જ ઉપયોગ રહે?**

● ઉત્તર : ઉપયોગ (આત્મામાં) ન રહે, પણ એની (જ્ઞાનીની) દૃષ્ટિ આત્મામાં જ રહે છે. ઉપયોગ આત્મામાં ન હોય. જ્ઞાનીને બધા વિચાર આવે જાણવાના. ગુણભેદ, પર્યાયભેદ (વ્યવહાર) બધું જાણવાને માટે આવે પણ ઉપયોગ નહીં, પણ દૃષ્ટિ એ ઉપયોગમાં પરિણતિપણે એ જાતની છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ સદાને માટે હોય છે. 'હું જ્ઞાયક છું, હું આત્મા છું' પોતાનું અસ્તિત્વ છે એના ઉપર દૃષ્ટિ સદાય એને માટે હોય છે. 'હું જ્ઞાયક' એ જ્ઞાયકની પરિણતિ છે. આ વિભાવ તે મારો સ્વભાવ નથી. ગુણભેદ, પર્યાય ભેદ એ વાસ્તવિક એમાં નથી. એ પોતાનું એનું સ્વરૂપ છે. એમાં ગુણ બધા છે. પણ એના ભેદ ઉપર એની દૃષ્ટિ નથી. દૃષ્ટિ એક આત્મા ઉપર છે. ઉપયોગ નહીં, પણ એની દૃષ્ટિ જ એના ઉપર થંભી ગયેલી હોય છે. શ્રદ્ધા અને જ્ઞાન એ બે ગુણ જુદા છે ને! દૃષ્ટિ એના ઉપર થંભી ગઈ છે. ઉપયોગમાં બધું આવે છે. જાણવામાં બધું આવે છે. પણ દૃષ્ટિ

એક જ્ઞાયક ઉપર હોય છે. એ દૃષ્ટિ એના ઉપર એવી સ્થિર હોય છે કે ગમે ત્યાં ઉપયોગ જાય તો પણ ભેદજ્ઞાનની ધારા તો છૂટતી જ નથી. ‘હું જ્ઞાયક છું’ એમ વિકલ્પ નહીં પણ સહજ પરિણતિ હોય છે. જ્ઞાયકતા, જ્ઞાયકતા—એને સદાને માટે જ્ઞાયકતાની પરિણતિ રહે છે. સ્વાનુભૂતિમાં હોય તોપણ એને જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે એ દૃષ્ટિ છૂટતી નથી. ગુણભેદ, પર્યાયભેદ એ સ્વાનુભૂતિમાં એના જ્ઞાનમાં આવે છે. એના વેદનમાં આવે છે. ગુણ-પર્યાય એના વેદનમાં આવે છે. પણ દૃષ્ટિ આત્મા ઉપરથી છૂટતી નથી. દૃષ્ટિ સદાને માટે એના (નિશ્ચય) ઉપર જ થંભેલી હોય છે. ૫.

**✻ પ્રશ્ન : દૃષ્ટિમાં નિશ્ચયનય જ મુખ્ય હોય છે અને જાણવામાં નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે?**

● ઉત્તર : બેય હોય છે. દૃષ્ટિમાં એક દ્રવ્ય જ મુખ્ય હોય છે. અને જાણવામાં ગુણ, પર્યાય દ્રવ્ય બધું હોય છે. નિશ્ચયનય વ્યવહારનય બધું. નિશ્ચયનું સ્વરૂપ, વ્યવહારનું સ્વરૂપ—જાણવામાં બધું હોય છે. ૬.

**✻ પ્રશ્ન : આવું આપણે સમજીએ તો એમાંથી આત્માની તીખી રુચિ કઈ રીતે થાય? આ નિશ્ચય આ રીતે છે દૃષ્ટિ અપેક્ષાએ અને નિશ્ચય-વવ્યવહાર જ્ઞાનમાં આવી જાય એટલે આત્માની રુચિ કઈ રીતે થાય?**

● ઉત્તર : જાણવાથી આ સ્વરૂપ આવું છે આત્માનું. બહારમાં કંઈ નથી. ‘આ વિભાવ મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ એક જ્ઞાયક જ છે. આ બધી આકુળતા છે. આ બધા વિભાવ છે. મારો સ્વભાવ નથી. હું ચૈતન્ય એક અનાદિ અનંત છું’ એને દુઃખ લાગે, ભવભ્રમણનો થાક લાગે, અને અંતરમાં એક આત્મામાં શાંતિ અને આનંદ છે એવી એને પ્રતીતિ થાય. એ તરફ રુચિ થાય છે કે વસ્તુનું સ્વરૂપ આવું છે. બધું મારામાં છે. બહાર ક્યાંય નથી અને ‘બધું મારામાં છે’ એ ગ્રહણ થાય, એ પ્રગટ થાય એ બધું—આનંદ અનંત,

જ્ઞાન અનંત આ ગુણો બધું મારામાં ભર્યું છે. બહારમાં ક્યાંય નથી તેથી એના ઉપર અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાથી, પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવાથી આ પ્રગટ થાય છે. એમ નિશ્ચય-વ્યવહારને જાણવાથી પોતાના ચૈતન્ય ઉપર દૃષ્ટિ જાય છે. એની એને જિજ્ઞાસા હોય, આ ભવભ્રમણનો થાક લાગ્યો હોય, વિભાવથી થાક્યો હોય, આકુળતા લાગતી હોય, એને ઉપાય એમાંથી મળી જાય છે. એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરવાથી આત્માનું સુખ અને આનંદ પ્રગટે છે. સ્વાનુભૂતિ પ્રગટે છે કે આ નિશ્ચય છે, આ વ્યવહાર છે, એમાં સાધકદશા વચ્ચે આવે છે, અને એમાં સાધ્ય એક આત્માને ગ્રહણ કરી અને વચ્ચે આ સાધકદશા હોય છે. એમ નિશ્ચય-વ્યવહારની સંધિ જાણે છે એને મુક્તિનો માર્ગ મળે છે, એની એ તરફ રુચિ જાગે છે કે બસ! આ અપૂર્વ આનંદ અને અપૂર્વ આશ્ચર્યકારી તત્ત્વ આ જ છે માટે એને ગ્રહણ કરવા જેવું છે. માટે એ ગ્રહણ થાય. એની રુચિ થાય એ બધું થાય અંદર સ્વરૂપના લક્ષમાં દ્રવ્યને લક્ષે દ્રવ્યને ઓળખે ત્યાં બધું બાહ્ય થઈ જાય છે. એના અનુમાનપૂર્વકના (વિકલ્પ) એ બધું વ્યવહાર થઈ જાય છે. પોતે પોતાથી અંતરમાં ઓળખાય છે. પોતે જ છે એની અપેક્ષા જુદી છે. આ અપેક્ષા જુદી છે. પણ વ્યવહારથી અનુમાન કાંઈ હોય જ નહીં તો આગળ કેમ જાય? વ્યવહારનો વચ્ચે આવ્યા વગર રહેતો જ નથી. અનુમાન જ્ઞાનથી જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતા જ નથી. છતાં શ્રદ્ધા થાય ત્યારે જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવે છે. યથાર્થ જ્ઞાન થાય તો યથાર્થ શ્રદ્ધા થાય, વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી. શ્રદ્ધા મુખ્ય હોવા છતાં વચ્ચે એ જ્ઞાન આવ્યા વગર રહેતું નથી. (અનુમાન જ્ઞાન કાઢી નાખે છે?) એ અનુમાન છે. યથાર્થ અનુમાન માત્ર અનુમાન કરવા એમ નહીં. લક્ષણ ઓળખવું એ અનુમાન છે. ૭.

*** પ્રશ્ન : પોતાના જે પ્રયાસ થતા હોય એમાં એને વિકલ્પ દ્વારા વિચારો ચાલતા હોય અને સાથે પોતાના ભાવમાં આ જ્ઞાન છે.**

આ જાણવું છે. આ જાણવાનું આમ જ છે, તો પહેલા જે જે વિકલ્પો ગયા, એ બધો વ્યવહાર થતો જાય ?

● ઉત્તર : વિકલ્પ જ વ્યવહાર છે. બાકી પોતે પોતાને ઓળખી લેવો, પોતે પોતાથી ઓળખાઈ ગયો, પોતાની અંતર પરિણતિથી ઓળખો અંતરમાં તો એ અંતર નિશ્ચય છે. બરાબર છે. જે વિચારો આવે છે એ બધો વ્યવહાર છે પણ એ વચ્ચે આવ્યા વગર રહેતા જ નથી. આ જ્ઞાન લક્ષણ છે એમ અનુમાન કરે છે. જે અનુમાન છે તે યથાર્થ અનુમાન છે. લક્ષણથી ઓળખ્યો, પણ અંતરમાં પોતે પોતાના સૂક્ષ્મભાવમાં ગયો અને સ્વભાવમાં ઠરી ગયો. ત્યારે જેવો હતો એવા આત્માને એવો ઓળખ્યો એમ કહેવાય. ત્યારે એની પ્રતીત, જ્ઞાન, લીનતા બધું જ્યારે અભેદપણે પરિણમન થયું ત્યારે એને યથાર્થરૂપે પરિણમ્યું. પહેલા બધું વચ્ચે એણે લક્ષણથી ઓળખીને એમ નક્કી કર્યું કે આ જ્ઞાન સ્વભાવ છે તે આ જ આત્મા છે. પોતે અંતરમાં તે રૂપે થઈ ગયો એવો અનુભવ થાય છે એટલે જાણવાનો વ્યવહાર આવે છે. અનુમાન એટલે બાહ્ય અનુમાન માત્ર નહીં, લક્ષણથી ઓળખે. અનુમાનમાત્ર નહીં. પોતે પોતાથી ઓળખે, અપેક્ષા આખી જુદી છે, જાણ્યું. એમ પણ આવે કે પહેલા યથાર્થ જ્ઞાન કરે, શ્રદ્ધા કરે, પછી પોતે પોતાના સ્વરૂપમાં લીન થાય, એમ આવે કે ત્યારે જ એ સમ્યક્પણે દેખાય છે. ત્યારે એ સમ્યક્‌પણે અનુભવાય છે. યથાર્થ એને સમ્યક્ નામ ક્યારે આવે છે કે જ્યારે પોતે તે રૂપે પરિણમી ગયો ત્યારે એને કહેવાય છે. તો એની પ્રતીતિ, એની જ્ઞાયકધારા પોતાપણે બધું ચાલુ જ છે. પણ પહેલા એને ઓળખે ત્યારે જ્ઞાનલક્ષણથી ઓળખે. આ જ્ઞાનલક્ષણથી ઓળખે, 'હું જ્ઞાયક છું, આમ પોતાને ઓળખે છે. ૮.

✻ પ્રશ્ન : અશુભભાવ હોય ત્યારે નિશ્ચય વ્યવહારનો સુમેળ કઈ રીતે થાય ?

● ઉત્તર : દ્રવ્યદૃષ્ટિએ—સ્વભાવ ઉપર દૃષ્ટિ હૈ, જ્ઞાનમેં જાનતા

હૈ કિ યે શુભાશુભભાવો સબ વ્યવહાર હૈ. સાધકદશા વ્યવહાર હૈ, દર્શન-જ્ઞાન-ચારિત્રકી જો નિર્મળ પર્યાય પ્રગટ હોતી હૈ, યે વ્યવહાર હૈ. યે ભેદ વ્યવહાર હૈ ઔર શુભાશુભભાવો એ પણ વ્યવહાર હૈ. વો સાથમેં આતા હૈ. શુભભાવ ભી વ્યવહાર હૈ ઔર અશુભભાવ ભી વ્યવહાર હૈ. એ અશુદ્ધ નિશ્ચયનયથી શુભભાવ-અશુભભાવ પોતાની પર્યાયમાં થાય છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર હી હૈ. વ્યવહાર સાથમેં હી હો, શુભ-અશુભ દોનોં વ્યવહાર હૈ. એક શુભ વ્યવહાર હૈ ઐસા નહીં હૈ, અશુભ ભી વ્યવહાર હૈ. પાંચમે (ગુણસ્થાને) અણુવ્રત હોતા હૈ. ત્યાં ચોથે ગુણસ્થાને અમુક દેવ-ગુરુ-શાસ્ત્ર આદિકા શુભભાવ રહતા હૈ. યે ભૂમિકાકે યોગ્ય શુભભાવ રહતા હૈ. ઈસકે લિયે યે સાધકદશાકે સાથમેં શુભભાવ રહતા હૈ, ઉસકે યોગ્ય અશુભભાવ રહતા હૈ, જો ઉસકી ભૂમિકામેં યોગ્ય રહતા હૈ. લેકિન વો હી કરકે જ્ઞાયકકો છોડકર અશુભભાવ ઉસકો નહીં હોતા કે જ્ઞાયકકો ભૂલ ગયા ઔર અશુભમેં એકત્વબુદ્ધિ હો ગઈ ઐસા જ્ઞાનીકો નહીં હોતા. અનંતાનુબંધી રસ તૂટ ગયા ભીતરમેં. ચૌથે ગુણસ્થાને અનંતાનુબંધીકા રસ તૂટ ગયા તો જ્ઞાયકકી મર્યાદા તોડકર વો અશુભ-ભાવમેં ઐસા નહીં ચલા જાતા કિ જ્ઞાયકકી મર્યાદા તૂટ જાય. ઐસા નહીં હોતા. અશુભભાવ આયે તો ભી ભેદજ્ઞાનકી ધારા બની રહતી હૈ. ભેદજ્ઞાનકી ધારા અશુભભાવમેં રહતી હૈ. શુભભાવમેં ભી રહતા હૈ. દોનોંમેં રહતી હૈ. ઈસકે યોગ્ય શુભભાવ આતા હૈ, ઈસકે યોગ્ય અશુભભાવ ભી ઉસકી ભૂમિકાકે યોગ્ય હોતા હૈ આ જ્ઞાયકકી મર્યાદા તોડકર ઈસમેં એકત્વ નહીં હોતા. જ્ઞાયકકી પરિણતિ ચલી રહતી હૈ. અશુભભાવ હો તો ભી જ્ઞાયકકા ભેદજ્ઞાન ચાલુ હી રહતા હૈ. ઐસા અશુભભાવ ઈસકો મર્યાદા તોડકર નહીં હોતા, જૈસા અજ્ઞાનીકો હોવે ઐસા જ્ઞાનીકો નહીં હોતા હૈ. ગૌણ હો ગયા હૈ. નહીં હો સકતા ઐસા મેળ હો ગયા હૈ, ભૂમિકાકો તોડકર ઈસકા અશુભભાવ ભી નહીં હોતા હૈ. નિશ્ચય-વ્યવહારકી એ સાધકદશામેં ઐસી સંધિ હૈ. ૯.

✻ પ્રશ્ન : (ભગવાનની વાણીમાં) નિશ્ચય–વ્યવહારપૂર્વક વાત આવતી હશે કે એકલી નિશ્ચયની જ વાત આવતી હશે ?

● ઉત્તર : ભગવાનની વાણીમાં બધી આવે. નિશ્ચય વ્યવહાર આખું જેમ છે તેમ બધું આવે. ભગવાનની વાણીમાં પૂરેપૂરું આવે બધું. ૧૦.

✻ પ્રશ્ન : એક જ સમયે ?

● ઉત્તર : એક સમયે બધું આવે-- દ્રવ્યનું, પર્યાયનું બધું આવે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે આવે. એકલું દ્રવ્યનું જ આવે એમ નહીં. 'ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ્ સત્' બધું. ઉત્પાદ, વ્યય, ધ્રુવનું બધું સ્વરૂપ આવે. ભગવાનની વાણીમાં આખેઆખું આવે. જે અપેક્ષાએ જેમ હોય એમ. સમજે બધા ઝીલનારા. ભગવાન કઈ રીતે કહે છે? મુખ્ય શું ? ગૌણ શું ? એ બધી જાતનું એમાં આવે એમાં જેની જે પાત્રતા હોય એ પ્રમાણે ગ્રહણ કરે બધું. આવે ભગવાનની વાણીમાં. ૧૧.

✻ પ્રશ્ન : મુખ્ય–ગૌણનો નિર્ણય કાઢવો એ પોતાની પાત્રતા હશે?

● ઉત્તર : ભગવાનની વાણીમાં તો બધી રીતે સ્યાદ્‌વાદ રીતે આવે. બધુંય તે. એમાંથી ગ્રહણ તો કરે, પણ પોતાની શક્તિ પ્રમાણે ગ્રહણ કરે સમજાય. ભગવાનની વાણીમાં તો ન સમજાય એવું નહીં. ઓમ ધ્વનિ હોય, પણ બધું સમજાય ખરું, પણ અંદર કેમ ઉતારવું એ પછી પોતાના હાથની વાત છે. આખું સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવ—આખું ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ આવે. ભગવાનનની વાણીમાં કાંઈ બાકી ન રહે કે આટલું સ્વરૂપ આવ્યું અને બીજું ભગવાનની વાણીમાં ન આવ્યું એમ નથી. ચારે અનુયોગનું સ્વરૂપ આવે, અધ્યાત્મનું, દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મક્રિયાનુયોગ બધુ આવે. ૧૨

● ભક્તિ :　વ્યવહારનય એ રીત જાણ, નિષિદ્ધ નિશ્ચયનય થકી,
　　　　નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની.

**✻ પ્રશ્ન : પ્રયોજનની સિદ્ધિ માટે આવા નિશ્ચયના કથન આવે. પણ એટલે વ્યવહાર નથી એમ નહીં?**

● ઉત્તર : વ્યવહાર નથી એમ નહીં, એ આકાશના ફૂલ જેવું નથી. આપણી દ્રવ્યદૃષ્ટિ એમ થઈ કે આત્મા સ્ફટિક જેવો છે. આત્મામાં અશુદ્ધતા નથી એટલે આપણે અશુદ્ધતા નથી. એમ દ્રવ્યને મુખ્ય કરીને સમજવાનું. વસ્તુ શું કે દ્રવ્ય નિર્મળ જ છે એટલે કોઈ અશુદ્ધતા નથી જ થઈ એમ નથી. એમ આ વસ્તુની મુખ્યતા એમ થઈ કે આ રાગ જડ છે. રાગ આ પુદ્‌ગલના છે એમ આવે છે શાસ્ત્રમાં. એટલે એમ વાસ્તવિક માની લઈએ તો તે અશુદ્ધતા તારામાં છે જ નહીં. તો તે અત્યારે તને પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય એવો એનો અર્થ થઈ જાય તો. પણ એવું નથી. રાગ પુદ્‌ગલના છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય નિર્મળ છે એવી દ્રવ્યદૃષ્ટિ કરવાને માટે છે એમ તું સમજ. પણ પર્યાયમાં અશુદ્ધતા છે જ નહીં એમ નથી. મૂળ વસ્તુસ્થિતિથી વસ્તુને સમજ. પછી પર્યાયમાં કેવી રીતે છે એનું જ્ઞાન કર. વ્યવહાર કેવો છે? અશુદ્ધ વ્યવહાર, સદ્‌ભૂત વ્યવહાર એ વ્યવહારની અસ્તિ નથી (એમ નહીં).

દ્રવ્યને મુખ્ય મૂળભૂત સમજવું દ્રવ્યદૃષ્ટિને મૂળભૂત સમજવી. નિશ્ચયને મૂળભૂત સમજવું. વસ્તુસ્થિતિ—એના ઉપર દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ ચાલુ થાય છે એ બરાબર છે. એને તું મૂળભૂત સમજ પણ વ્યવહારને નાસ્તિ ન માની લે. એની સાથે એનો મેળ કર એવો એનો અર્થ છે. મૂળ પ્રયોજનભૂત એ છે સાધવાને અને મૂળ વસ્તુ એ છે. મૂળ વસ્તુ તો શુદ્ધ છે. જ્ઞાન પરમાં જાણતું નથી. જ્ઞાન જ્ઞાનને જાણે છે એ બરાબર પણ વ્યવહારને તું નાસ્તિ ન માની લે. એ તદ્દન નથી એવું નથી. એનો મેળ કર એવો એનો અર્થ છે. ૧૩.

**✻ પ્રશ્ન : નિશ્ચય સાથે વ્યવહાર હશે એનો તો ખ્યાલ પણ નહોતો આવતો?**

● ઉત્તર : એવું છે અનાદિનું. એક તરફ લક્ષ જાય છે, પછી

બીજી બાજુનું ભૂલી જાય એવું થાય. એમાં એવું થાય કે લક્ષ છે પણ ભૂલી જાય છે. લક્ષ તો ત્યાં છે. અનાદિકાળથી દ્રવ્યને ભૂલી ગયો હતો, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એ ભૂલી ગયો હતો. દ્રવ્યદૃષ્ટિની સાથે વ્યવહારનો કેવી રીતે મેળ છે એ પાછું ગુરુદેવે સમજાવ્યું. અનાદિનું છે એની સંધિ કેવી રીતે કરવી એ ખ્યાલ નથી એટલે સમજવું મુશ્કેલ પડે છે. રાગાદિના સંસ્કાર છે એટલે. ૧૪.

**✱ પ્રશ્ન : જ્ઞાન તે આત્મા, એમાં ભેદ પડ્યો એટલે વ્યવહાર ? (સમયસારની) ૧૧મી ગાથા પ્રમાણે સદ્‌ભૂત વ્યવહારનય છે તે અભૂતાર્થ એટલે પરદ્રવ્ય જેવું થયું તો એ જ્ઞાનની પર્યાયમાં જ આખો આત્મા સ્વદ્રવ્ય જણાય છે તે કેવી રીતે ?**

● ઉત્તર : જ્ઞાનગુણ અને ગુણીનો ભેદ પડે એટલે સદ્‌ભૂત વ્યવહાર છે. એ જ્ઞાયકરૂપે પરિણમે આખો સ્વાનુભૂતિમાં. અભૂતાર્થ એટલે નયનું સ્વરૂપ એમ નહીં. દ્રવ્યદૃષ્ટિથી 'પર' કહેવામાં આવે છે. બાકી પર્યાય પોતાની જ છે એને દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ ભેદ આત્મામાં નથી. આત્મા તો અખંડ વસ્તુ છે. એમાં ભેદ પાડવો એ કેવળજ્ઞાનની પર્યાય પૂર્ણ અને આ અપૂર્ણના ભેદ પડે એ અપેક્ષાએ એને 'પર' કહેવામાં આવે છે. વાસ્તવિક રીતે એ 'જડ' છે એમ નથી એનો અર્થ. એ જડ નથી કાંઈ, ચેતનની પર્યાય છે (પોતાની જ છે). છે પોતાની જ પર્યાય પણ એમાં ભેદ પડે એટલે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એને 'પર' કહેવામાં આવે છે. બાકી એ પર્યાય—અશુદ્ધ પર્યાય પોતાની કોઈ અપેક્ષાએ કહેવાય છે. માટે એ અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય છે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એને 'પર' કહેવાય છે અને ભેદ પડે એમાં—'પોતાની પર્યાયમાં' એટલે એ 'પોતાની' કહેવાય છે. ૧૫.

❀ બહેનશ્રી : આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ પડ્યા 'આ જ્ઞાન છે, દર્શન, ચારિત્ર છે' એમ ભેદ પડે એટલે એને ભેદ પાડીને સમજાવે છે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન

તે આત્મા, ચારિત્ર તે આત્મા, જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એમ ભેદ પાડીને આત્માને બતાવે છે. વ્યવહારનય પરમાર્થને બતાવે છે. પણ વ્યવહારનય-એનું મૂળ જે આત્માનું સ્વરૂપ છે એ સ્વરૂપમાં એ વ્યવહારનય આવતો નથી. એનો સ્વભાવ નથી. આત્મા આખો અખંડ શાશ્વત છે. આત્મા તો પરિપૂર્ણ શાશ્વત છે. સાધકદશા તો વચ્ચે આવે છે, માટે એ વ્યવહારનય છે એ નિષેધ્ય છે. 'નિષેધ્ય' એટલે પરમાર્થ ઉપર જે દૃષ્ટિ જાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે વ્યવહાર નય નિષેધ કરવા યોગ્ય છે. પણ વ્યવહારનય વચ્ચે આવ્યા વગર રહેતો નથી સાધકદશામાં. એટલે એ જાણે છે. જાણવાયોગ્ય છે કે આ વ્યવહાર છે, વચ્ચે આવે છે. આવ્યા વગર રહેતો નથી. એટલે એ આવે છે. માટે એ વ્યવહારનય એને (નિશ્ચયને) બતાવનારો છે. વચ્ચે આવે છે. પણ નિષેધ કરવા યોગ્ય છે, કારણ કે એનો મૂળ સ્વભાવ નથી. આત્મા તો પરિપૂર્ણ તત્ત્વ છે, એમાં આ વ્યવહાર અને આ અધૂરું છે, પૂરું છે, એમાં અધૂરી પર્યાય, થોડી સાધકદશા પ્રગટી, વિશેષ પ્રગટી, પૂર્ણતા થઈ, એ બધા વ્યવહારનયના કથનો છે. પૂર્ણ શાશ્વત દ્રવ્યમાં એવા વ્યવહારના ભેદો એમાં હોતા નથી. જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી એ જાણવાયોગ્ય છે. પછી શુદ્ધ સ્વરૂપમાં પરિણતિ પૂર્ણ થઈ જાય પછી વ્યવહાર હોતો નથી. એ તરફ લક્ષ હોતું નથી, એ તરફનો રાગ હોતો નથી. માત્ર એ દ્રવ્ય અને પર્યાય- વસ્તુનું સ્વરૂપ છે તે રૂપે આત્મા પરિણમે છે. પણ એમાં વચ્ચે વ્યવહારનય હોતો નથી માટે નિષેધ્ય છે. એનું મૂળ સ્વરૂપ નથી. માટે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. વચ્ચે આવે છે. માટે પ્રતિપાદક છે, જાણવાયોગ્ય છે, પણ એ એમાં આદરવાયોગ્ય છે એમ નથી. દ્રવ્યદૃષ્ટિએ આદરવાયોગ્ય નથી. વ્યવહાર વ્યવહારથી આદરવા યોગ્ય છે. વ્યવહાર દ્રવ્યદૃષ્ટિથી આદરવા યોગ્ય નથી. દ્રવ્યદૃષ્ટિમાં એ હોતો નથી. માટે નિષેધ્ય છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ નિષેધ્ય છે. જ્ઞાનમાં એ જાણવાયોગ્ય છે. ૧૬.

❀ બહેનશ્રી : ભાવશ્રુત અને પ્રતીતિની અપેક્ષાએ વાત કરી છે. ઓલા (દ્રવ્યદૃષ્ટિ)ની અપેક્ષાએ એ નિષેધ આવે, પણ પ્રતીતિની અપેક્ષાએ વ્યવહાર છે. ૧૭.

✻ પ્રશ્ન : ભેદજ્ઞાનની અપેક્ષાએ પ્રતીતિ વ્યવહાર જ્ઞાનીઓને કહી શકાય કે નહીં ?

● ઉત્તર : ના. એમ ન કહેવાય. ભેદજ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનીને પ્રતીતિ વ્યવહાર ન કહેવાય. ૧૮.

✻ પ્રશ્ન : બેય એક સાથે છે ?

● ઉત્તર : બેય સાથે હોય, પ્રતીતિ વ્યવહાર ન કહેવાય. બેય અન્યોન્ય ન કહેવાય. છે બેય એક સાથે. ૧૯.

✻ પ્રશ્ન : ભાવશ્રુત જ્ઞાનને આપ વ્યવહાર કહો અને સમ્યગ્દર્શન એ નિશ્ચય. તો બેઉ છે તો એકીસાથે. સમ્યગ્દર્શનમાં હવે ગૌણ કરીએ તો એ વ્યવહાર થઈ જાય અને સમ્યક્‌જ્ઞાન મુખ્ય થઈ જાય ?

● ઉત્તર : ના. એ વ્યવહાર ન થાય. સમ્યક્‌દર્શન સદાને માટે નિશ્ચય જ છે. કારણ કે એનો વિષય નિશ્ચય છે. ચૈતન્ય છે. સમ્યગ્દર્શન વ્યવહાર ન થાય. જ્ઞાનને વ્યવહાર કહેવાય. ૨૦.

✻ પ્રશ્ન : શ્રદ્ધા એકદમ સ્વભાવમાં વ્યાપ્ત થઈ જાય છે, માટે એમાં કોઈ પ્રકારની અધૂરાશ પણ નથી અને નિર્વિકલ્પ હોવાથી એમાં–શ્રદ્ધાની પર્યાયમાં બીજો કોઈ વ્યવહાર નથી. એવો નિશ્ચય છે. જ્ઞાનની પર્યાયમાં તો બે પડખા છે એક સવિકલ્પ છે એ અપેક્ષાએ વ્યવહાર કહેવાય એને એનો નિષેધ છે એમ ખ્યાલ આવ્યો છે એ બરાબર છે ?

● ઉત્તર : નિર્વિકલ્પ છે શ્રદ્ધાની પર્યાય. એમાં કોઈ ભેદ નથી. એનો વિષય પણ અભેદ છે અને એ પરિણતિ પોતે પણ અભેદ છે. એ છે પર્યાય. પણ એનો વિષય અભેદ છે. માટે એ નિશ્ચય જ છે. અને એમાં ભેદ નથી પડતો–શ્રદ્ધાની પર્યાયમાં અને જ્ઞાનની

પર્યાયમાં બે નયના પડખાં પણ આવે છે. એમાં સ્યાત્‌પણું લાગુ પડે છે બે નય છે એટલે. પણ આમાં (શ્રદ્ધામાં) એક જ છે. એક શાશ્વતો એક આત્મા ગ્રહણ કરે છે બસ. એમાં પડખાં કે ભેદ ગ્રહણ નથી થતાં. નિર્વિકલ્પ છે. જ્ઞાન નિર્વિકલ્પને જાણે, જ્ઞાન પોતે ભેદને જાણે, અભેદને જાણે, દર્શનને જાણે, જ્ઞાનમાં બધું આવી જાય છે. (જાણવાનો વિષય) એટલે ભેદ જાણવામાં છે. પ્રતીતિમાં કોઈ ભેદ નથી. શ્રદ્ધા આખી જ છે. પછી ભલે તે પરમ અવગાઢ થતી જાય છે પણ એ પોતે તો અખંડ છે. ૨૧.

* પ્રશ્ન : જ્ઞાનની પર્યાયમાં સ્યાત્ પદ લાગુ પડે છે. બે નય એટલે ?

● ઉત્તર : બે નય. પણ આમાં એક જ છે. આ તો એક શાશ્વત–એક આત્મા જ ગ્રહણ કરે છે એમાં કોઈ પડખા કે ભેદ ગ્રહણ નથી થતા. નિર્વિકલ્પ નય છે. ૨૨.

* પ્રશ્ન : શુદ્ધનય એ વ્યવહાર છે. સમ્યગ્દર્શન એ નિશ્ચય છે. શુદ્ધનયની અનુભૂતિ નિર્વિકલ્પ છે એ વ્યવહાર છે?

● ઉત્તર : શુદ્ધનય કહો, સ્વાનુભૂતિ કહો, કોઈ અપેક્ષાએ શુદ્ધનયને નિશ્ચય પ્રતીતિરૂપે શુદ્ધનય કહેવાય છે. તો કોઈવાર એને જ્ઞાનરૂપે પણ શુદ્ધનય કહેવાય છે. જ્ઞાનરૂપે જે શુદ્ધનય છે એને વ્યવહાર કહેવાય છે. પણ પ્રતીતિરૂપે જે શુદ્ધનય છે એ વ્યવહાર ન કહેવાય. એ તો નિશ્ચય છે. શ્રદ્ધા મુખ્ય અને સ્વાનુભૂતિ એ જ મુક્તિનો માર્ગ છે. ૨૩.

❀ બહેનશ્રી : 'નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ, બંને સાથ રહેલ છે.' એકલું નિશ્ચયે કરીને જો અંતરમાં એના હૃદયની અંદર કાંઈ ન હોય, અને એકલી વાતો કરે અને હૃદય ભીંજાયેલું ન હોય, અંદરમાં 'હું ચૈતન્ય' એ અંતરમાંથી એવું ન થતું હોય અને એકલું ગોખવાપણું એવું થઈ જાય તો એને વ્યવહારનું જ્ઞાન રાખવા જેવું છે સાથે. નહીં તો શુષ્ક જેવો થઈ જાય અને એ શરૂઆતમાં

આવ્યું હતું ને કે નહીતર એકલો શુષ્ક જેવો થઈ જાય, કાં એકાંત થઈ જાય. બહારમાં ક્રિયાથી જ ધર્મ માની લે તો એકલો વ્યવહાર તો અનાદિકાળથી ઘણોય કર્યો છે, શુભભાવ ઘણોય કર્યો છે. તોય પણ કાંઈ એનાથી મોક્ષ થયો નહીં શુભભાવથી. માટે અંદર કોઈ અપૂર્વ આત્મા છે કે આ આત્મા બધાથી જુદો છે એને ગુરુદેવ નિશ્ચયને મુખ્ય કરીને કહેતા હતા અને વ્યવહારને ગૌણ કરીને કહેતા હતા. કારણ કે વ્યવહાર તો અનાદિકાળથી ઘણો કર્યો છે આ જે આત્માનું સ્વરૂપ છે, એ એણે ઓળખ્યું નથી. આત્મા દ્રવ્યે શુદ્ધ છે એને ઓળખ્યો જ નથી. વ્યવહાર ઘણો કર્યો જીવે. તું હવે આત્માને ઓળખ. એટલે એ નિશ્ચયને મુખ્ય કરીને કહેતા હતા. એ વ્યવહારને ગૌણ કરીને (કહેતા) એટલે વ્યવહાર નથી એમ કહેવાનો એમનો આશય નહોતો. વ્યવહાર સાથે છે એનું જ્ઞાન કર અને નિશ્ચય- અનાકિકાળથી ક્રિયામાં ધર્મ માન્યો, શુભભાવથી ધર્મ થાય છે. એવું પુણ્યબંધ થાય તો એને ધર્મ માની લે એવું ઘણું કર્યું. માટે તું આત્માને ઓળખ એમ ગુરુદેવે કહ્યું છે. એટલે નિશ્ચય મુખ્ય કરે છે અને શાસ્ત્રમાં પણ નિશ્ચય મુખ્ય આવે છે. સમયસારમાં અને ગુરુદેવ પણ એમ જ કહે છે અને વસ્તુ સ્વભાવ એમ જ છે કે દૃષ્ટિની અપેક્ષાએ નિશ્ચય મુખ્ય છે અને જ્ઞાન બંનેનું રાખ. નિશ્ચય કઈ અપેક્ષાએ, વ્યવહાર કઈ અપેક્ષાએ માટે નિશ્ચય મુખ્ય છે, વ્યવહાર સાથે જ છે માટે વ્યવહારનું જ્ઞાન કર. અનાદિકાળથી જીવે ઘણો વ્યવહાર કર્યો છે તો નિશ્ચયને તો જાણ્યો જ નથી. માટે નિશ્ચયને તું જાણ એમ ગુરુદેવ નિશ્ચયને મુખ્ય કરીને કહેતા અને વસ્તુ સ્વભાવ પણ એમ છે. નિશ્ચય એટલે જેમ વસ્તુ સ્વભાવ છે એમ. વસ્તુ સ્વભાવ-જેમ સ્ફટિક છે એ સ્વભાવે નિર્મળ છે, એમ આત્મા પણ સ્વભાવે નિર્મળ જ છે એ નિશ્ચય છે. વસ્તુ સ્વભાવ એ સ્વભાવે નિર્મળ છે એને અશુદ્ધ જાણવો એ વ્યવહાર છે. પણ વસ્તુ સ્વભાવ તો નિર્મળ છે. માટે નિશ્ચયને મુખ્ય કરીને વ્યવહાર ગૌણ કર અને વ્યવહારનું જ્ઞાન

કર. વ્યવહારનો નિષેધ ગુરુદેવ નહોતા કરતા. વ્યવહારનું જ્ઞાન કર. અને નિશ્ચયને મુખ્ય રાખ એમ ગુરુદેવ કહેતા. શ્રીમદ્‌ને પણ કહેવાનું એમ જ હતું. શુષ્ક જ્ઞાનીને કહેવા માટે કહ્યું છે. ૨૪.

ભક્તિ : નિશ્ચય અર્થ જ્ઞાનીના હૃદયે ગુપ્ત હોય છે.

**✻ પ્રશ્ન : મને એ સમજ નથી પડતી કે જીવના ઉપાદાન પ્રમાણે વ્યવહાર આવી જાય છે સહજ રીતે કે વ્યવહાર કરવા જાય છે કે 'ચલો હું એમ કરું.'?**

● ઉત્તર : નહીં, ઉપાદાન પ્રમાણે આવી જાય છે. એનું જ્ઞાન કરવાનું છે. વ્યવહાર આવી જાય છે. નિશ્ચય એને ખ્યાલમાં નથી અને વ્યવહાર વચ્ચે શુભ રાગ અને એ બધો રાગ તો આવ્યા વગર રહેવાનો જ નથી કારણ કે એ ક્યાં વીતરાગ થયો છે? એ તો આવવાનો જ છે વ્યવહાર. એક આ વસ્તુ સ્વભાવ નથી ઓળખ્યો માટે સ્વભાવ ઓળખ પછી આ જે છે તારી દશા રાગની એનું જ્ઞાન કર. અશુદ્ધતા છે એને ટાળવાયોગ્ય છે. એની સાધના કરવા યોગ્ય છે, શુદ્ધાત્માને ઓળખીને એની શુદ્ધિ વધારવા જેવી છે. એ બધું જ્ઞાન કર. અને આ જે છે અધૂરું, મલિન, અશુદ્ધતા છે એનું જ્ઞાન કર. પણ સ્વભાવને ઓળખ. વ્યવહારનું જ્ઞાન કરવા જેવું છે. જો એની દૃષ્ટિમાં, એના જ્ઞાનમાં ભૂલ હોય તો બધામાં ભૂલ થાય છે. તો એના કાર્યોમાં પણ ભૂલ થાય છે. માટે જ્ઞાન યથાર્થ કરવું જોઈએ. જો જ્ઞાનમાં ભૂલ તો બધી ભૂલ જ પડે છે. જે ઉપાદાન હોય એવું આવી જ જાય એવું નથી. જ્ઞાન યથાર્થ કરવું જોઈએ. જ્ઞાન યથાર્થ હોય તો બધું યથાર્થ છે. પહેલા તો એને નિશ્ચયને મુખ્ય રાખવો જોઈએ. શુષ્કજ્ઞાની જે થઈ ગયા એને એમ જ કહે છે કે વ્યવહાર છે. નથી એમ નહીં. પણ વસ્તુ સ્વભાવે-દૃષ્ટિની અપેક્ષાએ નિશ્ચય મુખ્ય છે, વ્યવહાર ગૌણ છે. જ્ઞાનમાં બેય જાણવાયોગ્ય છે. નિશ્ચય અને વ્યવહાર. સાધનમાં વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. ૨૫.

**✻ પ્રશ્ન : વ્યવહાર તો તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એટલે શું?**

● ઉત્તર : 'તે તે કાળે' એટલે જે સ્વભાવ છે એને મુખ્ય રાખીને જે કાળે એની સાધનાની જે જે ભૂમિકા છે એ પ્રમાણે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એની સાધનાની કઈ કઈ ભૂમિકા છે?—ચોથી ભૂમિકા અને પાંચમી ભૂમિકા—એ કાળે જે એની સાધકની દશા છે પ્રમાણે જાણેલો પ્રયોજનવાન છે. પછી તો એ કંઈ વસ્તુનું મૂળ નથી એટલે એ તો છૂટી જાય છે. વીતરાગતા થાય એટલે આ જે સાધનાનો વ્યવહાર છે તે છૂટી જાય છે. અંતરમાં જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે એ ભેદ છે. એ સ્વભાવ છે પણ એના વિકલ્પ તૂટી જાય છે. વિકલ્પ છે એ નથી રહેતા. નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા જેમ છે એમ અભેદ પ્રગટ થાય છે. અભેદમાં ગુણ અને પર્યાય જેમ છે એમ રહી જાય છે. દ્રવ્યમાં તો અનાદિકાળથી છે, અનુભવ જ પર્યાયમાં થાય છે. આ આદરવા યોગ્ય નથી. જાણી લેવો. 'આદરવા યોગ્ય' નો અર્થ ગુરુદેવનો એવો હતો કે એને આદરણીય નહીં માનતો. સર્વસ્વ એ આદરણીય છે એવી રીતે નહીં. આદરણીય 'દૃષ્ટિ' છે અને પર્યાય છે એને જાણી લીધી. જાણી લીધું એટલે તારો પુરુષાર્થ ઉપડે. શાસ્ત્રમાં પણ એમ આવે છે કે જણેલો પ્રયોજનવાન છે જાણવાનું શું પ્રયોજન છે? એને જાણીને એ જાતનો પુરુષાર્થ ઉપડે. ગુરુદેવ દ્રવ્યદૃષ્ટિ કરતાં એની સાથે એમની વાણી એવી રસબસતી હતી કે બધાંને એની અસર થતી કે આ નિશ્ચય-વ્યવહારની સંધિ કાંઈ જુદું જ કહી રહ્યા છે. અંતરની પરિણતિની વાત કરે છે. આ (સમજે તો) જીવ અંતરદૃષ્ટિ તરફ વળે એમ. નહીંતર જીવને એવું થાય કે આટલું તો જોઈએ ને? આટલું તો જોઈએ ને? આ તો કરતાં-કરતાં થાય આ તો બેઉ વાત કરે. નિશ્ચયનું પણ રાખવું અને વ્યવહારનું પણ રાખવું. આ તો જોઈએ ને? આ તો જોઈએ ને? ગુરુદેવે એવું ચોખ્ખું કરી નાખ્યું. જોઈ જોઈને શું કરવું છે? એ તો વચ્ચે આવે. એવી

સખત પથ્થરની જેમ. એમ આવે ને. સંસાર શું? અને કોઈ શું? આ બધો વ્યવહાર છે પણ જ્યારે આ બધી વાત આવે ત્યારે એમાં ઘણાંને શુષ્કજ્ઞાન છે એટલે વ્યવહાર પણ ખોટો (નથી એમ) એટલે વ્યવહાર એની દૃષ્ટિએ સાચો છે. દ્રવ્યદૃષ્ટિથી અભૂતાર્થ છે, અને એની દૃષ્ટિથી ભૂતાર્થ છે. શાસ્ત્રમાં આવે છે, આત્માની સમીપે જોતાં એ અભૂતાર્થ છે. આત્માની સમીપ જોઈને જુએ તો એ વ્યવહાર અભૂતાર્થ છે. અને વ્યવહાર વ્યવહારની દૃષ્ટિએ ભૂતાર્થ કહેવામાં આવે છે. કષાયને બંધની અપેક્ષાએ બંધાવું અને કષાય અભૂતાર્થ છે. કમળ પાણીમાં છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે. પણ પાણીમાં લેપ નથી લાગ્યો, એ અપેક્ષાએ અભૂતાર્થ છે એવું છે બધું નિશ્ચય અને વ્યવહારનું. દ્રવ્યદૃષ્ટિથી અભૂતાર્થ એને કહેવામાં આવે છે. અને એની દૃષ્ટિએ ભૂતાર્થ છે. ૨૬.

❀ બહેનશ્રી : દ્રવ્યદૃષ્ટિએ પહોંચ્યો નથી, અને આ વ્યવહાર અભૂતાર્થ છે પછી ઊભું ક્યાં રહેવું? અભૂતાર્થમાં તો—વ્યવહારમાં તો ઊભો જ છે. નિશ્ચયમાં તો પહોંચતો જ નથી. ઊભું ક્યાં રહેવું શું? વગર કીધે ઊભો જ છે. વિભાવમાં તો વગર કીધે ઊભો જ છે. અભૂતાર્થમાં દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ—અભૂતાર્થમાં તો ઊભો છે એને ભૂતાર્થ કરીને માન્યું છે. એમાં જ તે ઊભો છે. ક્યાં ઊભું રહેવાનું શું? ત્યાં જ ઊભો છે એનું (દ્રવ્યનું) ધ્યેય કર. દ્રવ્યદૃષ્ટિ કર અને અભ્યાસ કર. અને એમાં (દ્રવ્યમાં) જ ઊભો રહે. ૨૭.

**✻ પ્રશ્ન : જ્ઞાની કહે તે બધી જ વસ્તુ અંગીકાર કરવી કે જ્ઞાનીના વ્યવહારના વચન બાદ કરવા, કે નિશ્ચયના બાદ કરવા?**

● ઉત્તર : જ્ઞાની જે અપેક્ષાથી કહેતા હોય તે ગ્રહણ કરવું. કર્યા બાદ કરવા એની અપેક્ષા સમજીને બાદ કરવા. જ્ઞાની કઈ અપેક્ષાથી કહે છે તે સમજી લેવું. વ્યવહારની વાત કઈ અપેક્ષાથી કહે છે. નિશ્ચયની વાત કઈ અપેક્ષાથી કહે છે. તે સાચું કહે છે એ સમજી લેવું કારણ કે એ દ્રવ્યદૃષ્ટિથી કાંઈ વાત હોય, પર્યાયથી વાત

હોય પણ એ બેનો મેળ કરીને કેવી રીતે જ્ઞાની કહે છે તે સમજી લેવું. આચાર્ય મોટા હોય છે. તો કોઈ નિશ્ચયની વાત કરતા હોય, કોઈ આચાર્ય વ્યવહારની વાત કરતા હોય, બેયની મૈત્રી કઈ રીતે કરવી તે સમજી લેવું. એકને એક આચાર્ય હોય એ એક અધિકારની અંદર કે એક શાસ્ત્રની અંદર નિશ્ચયની વાત કરી હોય. બીજા શાસ્ત્રમાં વ્યવહારની વાત કરી હોય, એ જે આચાર્ય હોય એના એ આચાર્ય હોય એ બેનો મેળ કરવો જોઈએ કે આ કેવી રીતે કીધું? અને આ કેવી રીતે કીધું? બેયનો મેળ કરવો એમ. કાંઈ કાઢી નાખવાની વાત આચાર્યદેવ કહેતા જ નથી. જે વસ્તુ સ્વરૂપ નથી, જે મુક્તિના માર્ગમાં ન લાગુ પડે એવી વાત આચાર્યો કહે જ નહીં. એવી વાત ન હોય. આચાર્ય દેવ (જ્ઞાની એવી અઘટિત વાત કહે જ નહીં) એવી અઘટિત વાત ન કરે. ગુરુદેવ જે કહેતા હોય એ બધું સમજીને જ કહેતા હોય, એ નિષ્પ્રયોજન એક પણ વાત જ ન હોય, પ્રયોજન વગરની. મુક્તિના માર્ગમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. એની સાથે વ્યવહાર આવે છે. એ સાધકદશા હોય, વચ્ચે સાધનામાં વ્યવહાર હોય, પણ એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. પણ પર્યાય વચ્ચે આવ્યા વગર રહેતી નથી. એટલે કોઈવાર પર્યાયની વાત પણ કરે, કોઈવાર દ્રવ્યની વાત પણ કરે, જ્યાં જ્યાં જે યથાયોગ્ય હોય તે ગ્રહણ કરી લેવું. કાઢી નાખવાની એક પણ વાત હોતી નથી. આચાર્યદેવ કહે છે ને કે અમે એક શુદ્ધનયને સાથે કરી—શુદ્ધનય આત્માની અનુભૂતિ પ્રગટ કરવી છે એમાં વચ્ચે વ્યવહાર અરેરે! હસ્તાવલંબન છે. આવી જાય છે. આવ્યા વગર રહેતો નથી. પણ એને જાણવા જેવો છે. એ વચ્ચે આવ્યા વગર રહેતો નથી. એમ કહે છે. એ સ્વાનુભૂતિની વાતમાં પણ વચ્ચે વ્યવહાર આવે છે. પણ વ્યવહારને કેટલું વજન દેવું અને દ્રવ્યદૃષ્ટિને કેટલું વજન દેવું? બંનેની કોટિ કેટલી છે એ સમજી લેવું કે અનાદિનો માર્ગ અજાણ્યો છે. દ્રવ્યદૃષ્ટિ મેં પ્રગટ કરી નથી એટલે દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. પણ

સાથે વ્યવહાર હોય છે પણ એ વ્યવહાર કાંઈ પ્રયોજનવશ કોઈવાર આચાર્યોએ વ્યવહારની વાત કરી હોય તો એ કંઈ કાઢી નાખવાની નથી હોતી. સાધકદશા–સાધકભાવના ભેદથી એક સાધ્ય જ ગ્રહણ કરવાનું. એક આત્મા. પણ એમાં વચ્ચે જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ આવ્યા વગર રહેતા નથી. આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે, એવા ભેદ વિકલ્પ આવે, એટલે વિકલ્પમાં રોકાવાનું કહેતા નથી આચાર્યદેવ, પણ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. તું જ્ઞાયકની દૃષ્ટિ કર એમાં વચ્ચે એ આવે છે. સાધ્ય-સાધકભાવ વચ્ચે આવે છે. દ્રવ્યથી પૂર્ણ, પણ એની સાધકદશા વચ્ચે આવ્યા વગર રહેતી નથી. દ્રવ્યથી પૂર્ણ છે પણ પર્યાયમાં તો અધૂરાશ છે માટે એ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. ૨૮.

❀ બહેનશ્રી : જે પરમભાવને પહોંચી ગયા એમાં વ્યવહાર કાંઈ પ્રયોજન નથી પણ જે હજી-સમયસારમાં આવે છે ને! પ્રતિવર્ણિકા જેવું સોનું થાય પછી એને કોઈ તાપની જરૂર નથી. સાધક દશામાં છે એને વચ્ચે વ્યવહાર આવે છે. પણ એ વ્યવહાર જાણવાયોગ્ય છે. એને આદરવાયોગ્ય કે રાખવા જેવો છે એવો અર્થ નથી પણ એ વચ્ચે આવ્યા વગર રહેતો નથી. અને જાણી લેવો. દ્રવ્યદૃષ્ટિને મુખ્ય રાખવી. વ્યવહાર વચ્ચે આવે છે. ૨૯.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.